

સાફ-સફાઈ અને સ્વચ્છતાનો પ્રશ્ન શહેરને સૌથી વધુ અકળાવે છે. નીયમિત સાફસફાઈ ન થતા અને સફાઈ કામદારોના અભાવે શહેરમાં ગંદકીનું પ્રમાણ વધુ જોવા મળે છે. ક્યારેક કોઈ એક સેક્ટરમાં સફાઈ ઝુંબેશ હાથ ધરી શહેરને સ્વચ્છ રાખવાનો પ્રયાસ કરાય છે. બુધવારે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન પાસે સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. (તસવીર : દીપક જાની)

# ચાલુ બાઈક પરથી માર્ગ પર પટકાતા ઘાયલ મહિલાનું સારવાર દરમિયાન મોત

## ૪ દિવસ અગાઉ નારદીપુરની મહિલા પોતાના પુત્રના બાઈક પર બેસી પસાર થતા માર્ગ પરથી પટકાયા હતા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીક નારદીપુર ગામેથી ૪ દિવસ અગાઉ પોતાના પુત્રના બાઈક પર બેસી જઈ રહેલ ૫૦ વર્ષીય મહિલા અચાનક જ ચાલુ બાઈક પરથી સરઢવ ગામ પાસે માર્ગ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેનું આજે સવારે સારવાર દરમિયાન સાબરમતીની ખાનગી હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. આ મામલે પેથાપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક આવેલ નારદીપુર ગામે શારદાબેન બેચરજી ઠાકોર ઉં.વ. ૫૦ પોતાના પરિવાર સાથે રહે છે. ૪ દિવસ અગાઉ તા. ૧૬મી નવેમ્બર-૨૦૧૩ના રોજ શારદાબેન અને તેમનો દિકરો પોતાના દ્વિચક્રી વાહન મોટર સાયકલ પર બેસી પોતાના કામ અર્થે સરઢવ ગામના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન અચાનક જ સરઢવ ગામ આગળ જ મોટરસાયકલ સવાર મહિલા શારદાબેન ચાલુ મોટર સાયકલ પરથી માર્ગ પર પટકાયા હતા જેથી તેમને માથાના ભાગે તેમજ શરીરે અન્ય જગ્યાએ ઈજાઓ થવા પામી હતી. આથી તાબડતોડ ઈજાગ્રસ્ત મહિલાને અમદાવાદ સાબરમતી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૪ દિવસ બાદ આજે મહિલાનું કરૂણ મોત થવા પામ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. આ અંગે પેથાપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ચકચારી રશ્મિ ભાવે હત્યા કેસમાં નવ માસ પછી પણ પોલીસના હાથ ખાલી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના કુડાસણ સ્થિત ઘટેલ બહુચર્ચિત રશ્મિ ભાવે હત્યા પ્રકરણમાં ગાંધીનગર એલ.સી.બી. પોલીસે અનેક દિશામાં તપાસ શરૂ કરી અસંખ્ય નિવેદનો નોંધી તપાસ કરી રહી છે ત્યારે આ હત્યા પ્રકરણમાં નવ-નવ માસનો સમય વિતી ગયા છતાં હજુ સુધી પોલીસના હાથે કોઈ કડી મળી નથી.

ગાંધીનગર નજીક કુડાસણ ગામે સ્થિત ડૉ. વિવેક ભાવેના ઘરે ગત ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ ધોળા દિવસે તેમની પત્નીની ગળા અને હાથના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી નાખવામાં આવી હતી. આ ચકચારી હત્યા પ્રકરણમાં ગાંધીનગર સે-૭ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બાદમાં આ તપાસ ગાંધીનગર એલ.સી.બી. પોલીસને સોંપવામાં આવી હતી. એલ.સી.બી. પોલીસે અનેક શખ્સોના નિવેદન નોંધી ડૉ. વિવેક ભાવે સહિત ૩ વ્યકિતઓના એફ.એસ.એલ.માં રીપોર્ટ પણ કરાવ્યા હતા. પરંતુ નવ-નવ માસનો સમય વિતી ગયો તેમ છતાં હજુ સુધી કોઈ પણ પ્રકારની કડી મળી નથી. પોલીસ પણ આ પ્રકરણમાં બરોબરની ફાંફે ચડી છે અને તપાસ ચલાવી રહી છે.

# ચિલોડા સર્કલ પાસે અજાણ્યા વાહનની ટક્કરે ઘાયલ અજાણ્યા યુવાનનું ૨૦ દિવસ બાદ મોત

ગાંધીનગર, તા. ૨૦

થોડા દિવસો ચિલોડા સર્કલ નજીક અજાણ્યા વાહનની ટક્કરે અજાણ્યા યુવાનને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેનું આજે સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું.


ગાંધીનગર ચિલોડા સર્કલ નજીક નેશનલ હાઈ-વે નં. ૮ પસાર થાય છે. જ્યાં રોજના સવાર સાંજ હજારો નાના-મોટા વાહનો પસાર થાય છે અને આથી પુરપાટ ઝડપે દોડતા નાના-મોટા વાહનથી દરરોજ એકાદ અકસ્માત સર્જાય. જેમાં અજાણ્યા વાહનની ટક્કરે મોત થવાના કિસ્સામાં વધારો થવા પામ્યો છે. છેલ્લા ૧ માસમાં ૬ થી વધારે અજાણ્યા વાહનની ટક્કરે મોતના હનાવો બનવા પામ્યા છે. ત્યારે આજથી ૨૦ દિવસ અગાઉ ચિલોડા સર્કલ નજીક પુરપાટ ઝડપે દોડતા એક અજાણ્યા વાહનની ટક્કરે એક અજાણ્યા યુવાનને ટક્કર મારી હતી. જેથી યુવાનને સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં યુવાન છેલ્લા ૨૦ દિવસથી જીંદગી અને મોત વચ્ચે સંઘર્ષ કરી રહ્યો હતો. પરંતુ આજે જીંદગી અને મોત વચ્ચેની જંગમાં યુવાનના નશીબમાં મોત આવ્યું હતું. અજાણ્યા યુવાનનું મોત થતા ચિલોડા પોલીસે યુવાનના મોત અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી છે.

# શિયાળાના આરંભની સાથે શાકભાજી ભાવમાં કડાકો

## ચોમાસા બાદ નવો પાક ઉતરતાં શાકભાજીની આવકમાં વધારો થતાં ભાવ ઘટ્યા : સામાન્ય લોકોને રાહત થઈ

ગાંધીનગર, તા.૨૦

શિયાળાના આરંભ સાથે જ શાકભાજીની આવકમાં વધારો તથા ગૃહિણીઓના મોઢે મલકાટ



છવાય તેવો ભાવમાં ઘટાડો થયો છે. પહેલા કરતાં શાકમાં ૧૦થી માંડી ૫૦ રૂપિયા સુધીનો ઘટાડો નોંધાયો છે. તેમજ જાણકારોના કહેવા અનુસાર આવનારા દિવસોમાં હજુ શાકભાજીના ભાવમાં ઘટાડો થશે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલાં દિવાળીના ટંકાણે જ લીલા શાકભાજીના ભાવ આસમાને પહોંચી જતાં રસોડાના બજેટ ખોરવાઈ ગયા હતા. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગૃહિણીઓમાં ખુશી છવાય તેમ હાલમાં શાકભાજીના ભાવમાં તોતીંગ ઘટાડો નોંધાયો છે. પહેલા જે શાક ૭૦ રૂપિયે પ્રતિકિલોગ્રામ વેચાતું હતું તે હાલ ૪૦ થી ૫૦ રૂપિયે પ્રતિ કિલોગ્રામ વેચાઈ રહ્યું છે.

આ ભાવ ઘટાડાનું કારણ ચોમાસા બાદ શાકભાજીની આવકમાં વધારો થયો હોવાથી ભાવ ઘટ્યા છે. આમ તો દરેક શિયાળાના આરંભ સાથે શાકભાજીના ભાવમાં ઘટાડો થાય જ છે. તે જ રીતે આ વખતે પણ ઘટાડો નોંધાયો છે ત્યારે શીયાળો એટલે શરીરના સ્વાસ્થ સુધારવા માટેની ઋતુ કહેવાય છે. આ સમયે ઠંડીના સાથે વિવિધ શાકભાજીની આવક વધતા તેની અસર ખાણી પીણીમાં પણ રહે છે. તેથી શરીર પણ સ્વસ્થ રહે છે. ભાવ ઘટાડાના કારણે ગરીબો તેમજ મધ્યમવર્ગના લોકોમાં હવે ભરપુર માત્રામાં શાકભાજી જોવા મળશે તે ચોક્કસ વાત છે. તીવ્ર મોંઘવારીના કારણે હાલમાં પરેશાન થયેલા સામાન્ય લોકોને શાકભાજીના ભાવ ઘટતા રાહત થશે જો કે આ ઘટાડો કામચલાઉ છે તેમ માનવામાંઆવે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૮

સૂર્યાસ્ત : ૫.૫૭

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૧.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૫૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રામલીલા : ૯.૧૦, ૧૨.૧૦, ૬.૪૦, ૯.૫૫

થૉર ધ ડાર્ક વર્લ્ડ : ૩.૨૫

: સ્ક્રીન-૨ :

ક્રિશ-૩ : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૪૦, ૭.૧૦, ૧૦.૧૦

: સ્ક્રીન-૩ :

રામલીલા : ૯.૫૫, ૧૨.૫૫, ૪.૧૦, ૭.૨૫, ૧૦.૪૦

: સ્ક્રીન-૪ :

રામલીલા : ૮.૨૫, ૧૧.૨૫, ૨.૪૦, ૫.૫૫, ૯.૧૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

ક્રિશ -૩ : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

રામ-લીલા : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રામલીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

ક્રિશ-૩ : ૪.૦૦

: સ્ક્રીન-૩ :

રજ્જો : ૧૦.૩૦, ૧૦.૩૦

રામલીલા : ૪.૦૦

ક્રિશ-૩ : ૧.૩૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

ક્રિશ -૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : મહત્ત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે. સમય શુભ.

**વૃષભ** : વરિષ્ઠ વ્યકિતઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના છે. તમને તમારા શોખ પૂરા કરવા માટેની પૂર્ણ તકો પ્રાપ્ત થઈ શકશે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કર્યો થશે. વ્યવસાયીક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા થઈ શકે છે. ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે.

**કર્ક** : આર્થિક ક્ષેત્રમાં શોધ સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદિત આર્થિક પ્રકરણોમાં સંયમપૂર્વક ઉકેલવા. જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે.

**સિંહ** : કલાત્મક કાર્ય પ્રારંભ થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય. કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ થવાની શકયતા છે. અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય.

**તુલા** : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવનાઓ છે. વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

**ધન** : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા થશે. કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું.

**મકર** : આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના. માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રા.

**કુંભ** : મનોરંજન કલા આમોદ-પ્રમોદના કાર્યોમાં રુચિ જાગૃત થશે. સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે.

**મીન** : આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થવાની સંભાવના. ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

# શેરથા નજીક બસે ૧૦ વર્ષના બાળકને ચગદી નાખતા મોત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક અડાલજના કસ્તુરીનગરથી શેરથા ગામ તરફ જતા સર્વિસ માર્ગ પર આજે સાંજના સુમારે એક બસે ૧૦ વર્ષના બાળકને બસ નીચે કચડી નાંખ્યો હતો. બસ નીચે કચડાઈ જતા બાળકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક અડાલજ ગામના કસ્તુરીનગરથી શેરથા ગામ તરફ સર્વિસ માર્ગ પર એક બસ સાંજના ૫-૬ વાગ્યાના અરસામાં પુરપાટ ઝડપે પસાર થઈ રહી હતી અને બસના ચાલકે બસ પરનો કાબુ ગુમાવતા આશરે ૧૦ વર્ષની ઉંમરનો એક બાળક બસની અડફેટે આવતા બસ નીચે કચડાઈ ગયો હતો અને ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું કરૂણ મોત નિપજયું હતું. આ ઘટના અંગે અડાલજ પોલીસે ઘટના સ્થળે આવી તપાસ હાથ ધરી હતી અને મૃતક બાળકના મૃતદેહને ગાંધીનગર સિવિલમાં મોકલી આપ્યો હતો. અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાડ પર લાકડા તોડવા ચઢેલા આધેડનો પગ લપસી જતા જમીન પર પટકાતા મોત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના લીંબડીયા ગામના લીંબડીયા કેનાલ વિસ્તારમાં એક ૬૦ વર્ષીય આધેડ ઝાડ પર લાકડા તોડવા ચઢયા હતા ત્યારે અચાનક જ ઝાડ પરથી લપસી જતા નીચે જમીન પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી જેમનું અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન આજે કરૂણ મોત નિપજયું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર તાલુકામાં લીંબડીયા ગામના લિંબડીયા કેનાલ વિસ્તારમાં ૬૦ વર્ષીય આધેડ પ્રતાપજી ભાથીજી પરમાર લાકડા લેવા ગયા હતા. જયાં લાકડા તોડવા માટે ઝાડ પર ચઢતા અચાનક જ આધેડનો પગ ઝાડ પરથી લપસી જતા નીચે જમીન પર પટકાતા શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી પરિણામે ઈજાગ્રસ્ત આધેડને સારવાર માટે અમદાવાદ સ્થિત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન આધેડનું મોત નિપજયું હતું. આ અંગે ડભોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી મૃતકના મૃતદેહનું પી.એમ. કરાવી મૃતદેહ પરિવારજનોને સોંપી દીધો હતો.

# અમદાવાદ-ગાંધીનગરમાં ગરમ વસ્ત્રના વેચાણમાં દૈનિક સાત લાખનો ઉછાળો

## તિબેટિયન માર્કેટમાં રવિવારથી ગરમ વસ્ત્રો માટે ખરીદી માટે લોકોનો ભારે ઘસારો: ઠંડીમાં એકાએક વધારો થયો

અમદાવાદ, તા.૨૦

ચાલુ વર્ષે મોડેમોડે શરૂ થયેલી ઠંડીનું પ્રમાણ છેલ્લા ત્રણ દિવસથી વધ્યું છે. રવિવારથી ઠંડીનો પારો નીચો જતાં શહેરીજનો કડકડતી ઠંડીથી થથરી રહ્યા છે. ઠંડી વધવાને કારણે શહેરીજનોને ગરમ વસ્ત્રોનો આશરો લેવાની ફરજ પડી છે. એટલું જ નહીં ઠંડી વધતા ગરમ વસ્ત્રોના બજારમાં પણ તેજી જોવા મળી છે. ખાસ કરીને શિયાળાના ચાર મહિના માટે ભરાતા તિબેટિયન રેફ્યુજી સ્વેટર માર્કેટમાં ગરમ વસ્ત્રોની ખરીદી માટે ત્રણ દિવસથી લોકોનો ઘસારો વધતાં ગરમ વસ્ત્રોના વેચાણમાં દૈનિક સાત લાખનો ઉછાળો આવ્યો છે.

શહેરના નવરંગપુરા ખાતે દર વર્ષે ઓક્ટોબરથી જાન્યુઆરી મહિના દરમિયાન તિબેટિયન રેફયુજી સ્વેટર માર્કેટ ભરાય છે. આ માર્કેટમાં તિબેટિયન રેફયુજી ગરમ વસ્ત્રોનું વેચાણ કરવા માટે અમદાવાદમાં આવે છે. આ વર્ષે માર્કેટમાં ૭૮ સ્ટોલ ઉભા કરાયા છે. ચાલુ વર્ષે ઓક્ટોબરથી માર્કેટ શરૂ થયા બાદ દોઢ મહિના સુધી ગરમ વસ્ત્રોની ખરીદી ગત વર્ષની સરખામણીમાં ઓછી રહી હતી. તિબેટિયન માર્કેટનું દૈનિક વેચાણ અંદાજે ૯ થી ૧૦ લાખ થતું હતું. રવિવારે ઠંડીનો પારો ૧૫.૫ ડિગ્રી થવા સાથે કડકડતી ઠંડી પડતાં તિબેટિયન માર્કેટમાં ગરમ વસ્ત્રોની ખરીદી માટે અચાનક લોકોનો ઘસારો વધતાં વેચાણમાં



ઉછાળો આવ્યો છે. રવિવારથી ઠંડીની જમાવટ થતાં ત્રણ દિવસ દરમિયાન નીકલેલી ગરમ વસ્ત્રોની જોરદાર ખરીદીને કારણે વેપારીઓને હાશકારો થયો છે.

ખરીદી નીકળતાં દૈનિક વેચાણમાં અંદાજે સરેરાશ સાત લાખનો વધારો થયો હોવાની ગણતરી મુકવામાં આવી છે. આ અંગે તિબેટિયન માર્કેટના મેનેજરે જણાવ્યુંહતું કે ઓક્ટોબરથી માર્કેટ શરૂ થયા બાદ ગયા શનિવાર સુધી ખરીદી ઓછી રહી હતી. પરંતુ ઠંડી વધતાં રવિવારથી માર્કેટમાં ગ્રાહકોની અવરજવર વધવા સાથે ખરીદીનું પ્રમાણ ૧૦ ટકા જેટલું વધ્યું છે જો કે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ખરીદી ઓછી થતી હોય તેમ લાગી રહ્યું છે.





